જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૮/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૫૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧૮ કેસ કરી, ૧૧૪ વ્યક્તિઓને ઝડપી, ૬૯૬ લીટર દેશી દારૂ, ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૬૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૬ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૯,૧૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૫૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૫૯/૨૦૨૬**

ક્રાઈમ બ્રાન્ચઃ (૧) ચિરાગ ચંપકલાલ વાલાણી (ઉ.વ.૪૩) (રહે. દિવ્યજીવન સોસાયટી નિકોલ નરોડા રોડ નિકોલ) એ તા.૨૦/૦૮/૨૦૨૬ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે નવરંગપુરા સી.જી.રોડ સુપર મોલ કેન્વી જ્વેલર્સ લી. ની ઓફીસ નંબર ૧૨૧–૧૨૨ ખાતે છેલ્લા આઠ વર્ષથી નોકરી કરતા (૧) કેયુર શૈલેષભાઈ શાહ એ તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૧૮/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન કેન્વી જ્વેલર્સમાંથી કુલ ૩૮૫૦ ગ્રામ ૨૪ કેરેટ સોનુ કિમત રૂપિયા ૬,૧૬,૦૦,૦૦૦/– તથા રોકડ રૂપિયા ૧૩,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૬,૨૯,૦૦,૦૦૦/– લઈ જઈ કેયુર શૈલેષભાઈ શાહના સબંધીઓને આપી સગેવગે કરી વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.ઈ.શ્રી કે.કે.ડીંડોર ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ (૨) બાપુનગર વિસ્તારમાં રહેતા નિવૃત જીવન ગુજારતા ૭૨ વર્ષના વૃદ્ધએ તા.૨૦/૦૮/૨૦૨૬ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તેઓનો પુત્ર જન્મથી માનસીક અસ્થીર હોવાથી તેઓની કમાણીના નાણાં વૃદ્ધાવસ્થામાં કામ આવે તે માટે સબંધી મૌલિકભાઈ ભવાનભાઈ લોકડીયા (રહે. ગોપાલકૃષ્ણ સોસાયટી, ઈન્ડીયા કોલોની રોડ, ઠક્કરનગર બ્રીજની નિચે, હવેલીની બાજુમાં, બાપુનગર) તથા (હાલ રહે, રાજઘાની બંગલોઝ, દિપક સ્કુલની બાજુમાં, નિકોલ) નાઓને આજથી સાત–આઠ વર્ષ પહેલાથી માહે માર્ચ/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન અલગ–અલગ સમયે રોકડ રૂપિયા ૩,૧૦,૫૯,૬૦૦/– તથા બેન્ક મારફતે રૂપિયા ૯૨,૬૩,૧૪૦/– મળી કુલ રૂપિયા ૪,૦૩,૨૨,૭૪૦/– સાચવવા માટે આપેલ હતા. ત્યારબાદ વૃદ્ધને પૈસાની જરૂરીયાત ઉપસ્થિત થતા મૌલિકભાઈ લોકડીયા પાસેથી આપેલ પૈસાની માંગણી કરતા, તેઓએ આપેલ રૂપિયા પૈકી રૂપિયા ૧,૧૮,૦૦,૦૦૦/– પરત આપી બાકી નિકળતા રૂપિયા ૨,૮૫,૨૨,૭૪૦/– નહી આપી વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.સ.ઈ.શ્રી એમ.ડી.સોલંકી ચલાવે છે.

ચાંદખેડાઃ ધવલ અશોકકુમાર સોની (ઉ.વ.૩૫) (રહે. રોયલ પાર્ક સોસાયટી પેલેસ પાસે મહાવીરનગર હિમતનગર સાંબરકાંઠા) એ તા.૨૦/૦૮/૨૦૨૬ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૬ થી તા.૧૨/૦૫/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ચાંદખેડા નોર્થ પ્લાઝા ઓફીસ.નં–૧૧૦ ખાતે વીરકૃપા ટ્રાવેલ્સ" ના સંચાલક રશ્મીકાંત નવનીતકુમાર પટેલ (રહે. પટેલ વાસ ગામ–પુંધરા, તા–માણસા, ગાંધીનગર) નાઓએ પોતે ટુર ટ્રાવેલ્સનો ધંધો કરે છે તથા ટુર ટ્રાવેલ્સના એજન્ટ તરીકેની ઓળખ આપી ધવલ સોની તથા સાહેદ નાઓને વિશ્વાસમા લઈ સિંગાપુર મલેશીયા દેશના ટુર પેકેજ પેટે રૂપિયા ૧૦,૦૮,૦૦૦/– તથા ભારતીય ચલણ સિંગાપુર દેશના ચલણમાં એક્ષેચેન્જ કરવા માટે રૂપિયા ૬,૬૪,૮૦૦/– મળી કુલ રૂપિયા ૧૬,૮૨,૮૦૦/– મેળવી લઈ વીરકૃપા ટ્રાવેલ્સ ઓફીસ બંધ કરી, સિંગાપુર મલેશીયા ટુર પર નહી લઈ જઈ રૂપિયા પરત નહી આપી ટુર પેકેજના નામે રૂપિયા લઈ ધવલ સોની તથા સાહેદ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.ડી.પરમાર ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૧૬૦/૨૦૨૬**

બોડકદેવઃ જયવીન બીપીનભાઈ પટેલ (ઉ.વ.૩૨) (રહે. સંકલ્પ ગ્રેસ રાજપથ કલબ પાછળ શિલ્પ એપીટોમની બાજુમાં બોડકદેવ) એ તા.૨૦/૦૮/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૮/૨૦૨૬ સાંજના ૦૫/૦૦ થી તા.૧૬/૦૮/૨૦૨૬ કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ ગીતાજંલી પાર્ટી પ્લોટમાં આવેલ સ્ટુડીયો નિવાશાનું તાળું તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી એન્ટીક ચાંદીની ચીજ–વસ્તુઓ, તાંબા પીત્તળના એન્ટીક વાસણો અને રોકડ રૂપિયા ૧૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૦૪,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.બી.ઝાલા ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૧૬૧/૨૦૨૬**

બોડકદેવઃ ચાંદખેડા વિસ્તારમાં રહેતી યુવતીએ તા.૨૦/૦૮/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૮/૨૦૨૬ રાતના ૭/૪૫ વાગ્યાના સુમારે સિંધુભવન રોડ ઉપર આવેલ શંભુ કોફી બારની બહાર પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી પર્સ ચોરી કરી લઇ ગઈ હતી. જે પર્સમાં સોનાની બુટ્ટી, કોસ્મેકટીકનો સામાન, ગેસ કંપનીની ઘડીયાળ, ગુચ્ચી કંપનીના ચશ્મા, એપ્પલ કંપનની પેન્સીલ તથા માઉસ, દા મિલાનો કંપનીનું એરપોર્ડનું કવર, સ્વરોસ્કી કંપનીની બોલપેન, તેમજ જરૂરી દસ્તાવેજ અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૭૮,૦૦૦/– મતા હતી. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી નથ્થુભાઈ દેવાયતભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૧૬૨/૨૦૨૬**

બોડકદેવઃ જોધપુરગામ પ્રેરણા તીર્થ દેરાસર રોડ એચ.પી પેટ્રોલ પંપ પાછળ વિનાયક પી.જી. ખાતે રહેતા લાલભુલ ટીકાભૂલ સર્કી (ઉ.વ.૨૩) (મુળ વતન. નવદુર્ગા ગાવ પાલિકા વોર્ડ નંબર–૨, બકાલ, ડંડેલદુરા નેપાળ) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૮/૨૦૨૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક ખાતે કપડાં સુકવવાના સ્ટેન્ડ સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજુભાઇ કરશનભાઇ ચલાવે છે.

સરદારનગરઃ રાજેશભાઇ જયરામદાસ કરમચંદાણી (ઉ.વ.૫૫) (રહે. રાજાવીર સર્કલ કુબેરનગર) એ બીમારીથી કંટાળી તા.૧૮/૦૮/૨૦૨૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી જતા ગંભીર રીતે દાજી જતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૦૮/૨૦૨૬ કલાક ૦૧/૨૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેશભાઈ જયંતિલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી